This Question Paper consists of 31 questions 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલા પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

Code No. **65/S/A/G**
કોડ નં.

**Set /** સેટ **A**

# GUJARATI
# ગુજરાતી
# (207)

Day and Date of Examination ..........................................
(પરીક્ષાનો વાર અને તારીખ)

Signature of Invigilators 1. ..........................................
(નિરીક્ષકોની સહી)

2. ..........................................

---

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા જ છે જેટલી પ્રથમ પાનાં ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈપણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા. ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

5. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 65/S/A/G સેટ A લખવી.

# GUJARATI

## ગુજરાતી

## (207)

સમય : 3 કલાક ] [ કુલ ગુણ : 100

**સૂચના :** *(i)* બધા પ્રશ્નો **અનિવાર્ય** છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

*(ii)* બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

*(iii)* બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

**1.** પોતાના પિયરઘરમાં જઈ ને નાયિકા 1

(A) હીંચકા પર બેઠી (B) પલંગ ઉપર બેઠી

(C) ખુરશી ઉપર બેઠી (D) સોફા ઉપર બેઠી

**2.** ઘરમાં થતાં કોલાહલને મોટાભાઈ કોની સાથે સરખાવે છે? 1

(A) ટેસ્ટમૈચમાં થતાં કોલાહલ સાથે (B) યૂરોપના યુદ્ધના કોલાહલ સાથે

(C) બીજા વિશ્વયુદ્ધના કોલાહલ સાથે (D) શાળાની રિસેસમાં થતાં કોલાહલ સાથે

**3.** 'જસોદા તારા કાનુડાને' કાવ્ય ક્યા શાસ્ત્રીય રાગમાં લખાયેલું છે? 1

(A) કલ્યાણ (B) પ્રભાત

(C) ભૈરવી (D) મલ્હાર

**4.** વાર્તાના મુખ્ય અંગોમાંથી બંધ બેસતું ન હોય તે અંગ છે _______ 1

(A) ભાષાશૈલી (B) ઘટના ની ગૂંથણી

(C) ઉપસંહાર (D) વાર્તા નું વસ્તુ

**5.** અખા ના મતે મૂરખ પાણી દેખી _______ 1

(A) અર્ઘ્ય આપે છે. (B) તરે છે.

(C) સંગ્રહ કરે છે (D) સ્નાન કરે છે.

**6.** પંખી ક્યા વૃક્ષની ઘટાઓમાં છુપાયેલું હતું ? 1

(A) લીમડાના (B) આંબાના

(C) વડ ના (D) આસોપાલવના

**7.** પર્યાયી શબ્દોની યોગ્ય જોડણી ન હોય તે _______ 1

(A) પગ - ચરણ
(B) રાત્રિ - નિશા
(C) ઉષા - પ્રભાત
(D) નીર - ક્ષીર

**8.** 'પ્રયાગરાજ' ના લેખક છે _______ 1

(A) ઈશ્વર પેટલીકર
(B) પન્નાલાલ પટેલ
(C) કાકા કાલેલકર
(D) ફાધર વાલેસ

**9.** તગતગતા તડકાને કારણે સડકો : 1

(A) ભીની થઈ ગઈ છે.
(B) ચગદાઈ ગઈ છે.
(C) સુંવાળી થઈ ગઈ છે.
(D) ઠંડી પડી ગઈ છે.

**10.** લાડુ ના ખર્ચને પહોંચી વળવા દેવશંકરે શું વિચાર્યું? 1

(A) રાત-દિવસ મહેનત કરવી
(B) ઘરની વસ્તુઓ વેચીદેવી
(C) ત્રણ દિવસ સુધી એકટાણું કરવું
(D) પૈસા ઉછીના લાવવા

**11.** ઔપચારિક ન હોય તેવો પત્ર કયો? 1

(A) વ્યવસાયિક પત્ર
(B) સમવયસ્ક ને પત્ર
(C) અહેવાલ લેખન
(D) આવેદન પત્ર

**12.** પ્રકૃતિ ને આંખો માં ભરી શકાય પણ એ દૂરના _______ ની છે. 1

(A) આકાશની
(B) ધામની
(C) સંધ્યાની
(D) ગામની

**13.** ચંબેલીને કયાં ઊડવું હતું? 1

(A) આભમાં
(B) ઘરમાં
(C) બગીચામાં
(D) સમુદ્ર ના કિનારે

**14.** 'અવસાન-સંદેશ' ક્યા પ્રકારનું કાવ્ય છે? 1

(A) સૉનેટ
(B) ઊર્મિગીત
(C) પદ
(D) પ્રેમગીત

**15.** શિયાળાના દિવસો કેવા હોય છે? 1

(A) લાંબા
(B) ટૂંકા
(C) ગરમ
(D) અંધારિયા

**16.** 'મારી મા' પાઠ ની નાયિકાને કોનામાં ભગવાનનું રૂપ દેખાય છે? 1

(A) ભાઈ-ભાભી માં
(B) મામા-મામી માં
(C) કાકા-કાકી માં
(D) માતા-પિતા માં

**17.** 'મોં મા આંગળા નાખવા' એટલે _______ 1

(A) આંગળા ચાટવા
(B) અંગૂઠો ચાવવો
(C) આંગળા નાખી બોલવું
(D) ખૂબ નવાઈમાં પડી જવું

**18.** કયા પ્રકારની બૉલિંગ રમવી કઠિન ગણાય છે? 1

(A) ફાસ્ટ
(B) સ્પિન
(C) લેગ-સ્પિન
(D) ઝડપી બૉલિંગ

**19.** નિબંધ ના મુખ્ય ત્રણ અંગો છે _______ 1

(A) ભૂમિકા, વિષયવર્ણન, સાર
(B) વિષયવર્ણન, સાર, ઉપસંહાર
(C) ભૂમિકા, સાર, ઉપસંહાર
(D) ભૂમિકા, વિષય-વર્ણન, ઉપસંહાર

**20.** કવિ કહે છે કે જન્મ અને મૃત્યુ જીવનનો ક્રમ છે. માટે _____ 1

(A) સારાં કર્મ કરવા
(B) મૃત્યુને હિમંત થી સ્વીકારવું
(C) પાપ કર્મ થી દૂર રહેવું
(D) ઈશ્વરનું નામ લેવું

**21.** (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણના** જવાબ લખો : 6

*(i)* ગૌરીએ ઉલટતપાસ કેવી રીતે કરી અને તેનું શું પરિણામ આવ્યું?

*(ii)* મારી વ્યાયામસાધના ના નાયકે જાંઘ પર પ્રહાર કર્યો છતાંય અવાજ શા માટે ન આવ્યો?

*(iii)* પતંગ અને દોરાના સહકારથી શું થાય છે? અને પતંગ ચલાવતાં આપણને કઈ-કઈ મુશ્કેલીઓ પડે છે?

*(iv)* દેવશંકર માસ્તરે આદર્શ ક્લબ ના પાટિયા પર શા સમાચાર વાંચ્યા અને સમાચાર ની ખાતરી કરવા તેમણે શું કર્યું?

*(v)* અક્ષયવટ શું છે? તે કયાં છે અને તે વિશે લોકોની શી માન્યતા છે?

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણના** જવાબ એક વાક્યમાં લખો : 3

*(i)* ફૂલ્કી ગાય ત્યારે તેની છટા કેવી હોય છે?

*(ii)* ચિત્રગુપ્તના દરબારમાં શેઠના કયા ગુણ જણાઈ આવ્યા?

*(iii)* 'મારી મા' પાઠની નાયિકા ની માતા ને ક્યા-ક્યા વિષયો નું જ્ઞાન હતું?

*(iv)* બ્રાઉન ને 'રન આઉટ' કરવામાં માંકડની કયા પ્રકારની કુનેહ વ્યક્ત થાય છે?

*(v)* હરિયાના છોકરાં કયા કામે લાગી ગયાં? અને તે કેવી રીતે કામ કરતાં હતાં?

**22.** (ક) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણના** જવાબ લખો : 6

*(i)* ચંબેલી પતંગિયા પાસે શું માંગે છે અને શા માટે માંગે છે?

*(ii)* 'રસ્તા વસંતના' કાવ્ય નો ભાવાર્થ લખો.

*(iii)* મુકતક દ્વારા કવિ કયો સંદેશો આપે છે? તે માટે શેનું દૃષ્ટાંત આપે છે?

*(iv)* 'અવસાન-સંદેશ' કાવ્યમાં કવિ પોતાના સ્નેહીજનોને શું કહી-કહી ને આશ્વાસન આપે છે?

*(v)* 'એ લોકો' કાવ્ય ની કાવ્યશૈલી ની નોંધપાત્ર વિશેષતા કઈ છે?

(ખ) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણના** જવાબ એક વાક્યમાં લખો : 3

*(i)* ગુજરાત ની ધરણી કોના કારણે ધન્ય છે?

*(ii)* 'જૂનું પિયરઘર' કાવ્યમાં નાયિકા કયા અનુભવોનું સ્મરણ કરે છે?

*(iii)* કાનુડા ની ફરિયાદ કરવા જસોદા માતા પાસે કોણ આવે છે?

*(iv)* 'તડકો' ક્યા પ્રકારનું કાવ્ય છે?

*(v)* કવિ નો મનમૃગ કયાં પોઢેલ હતો?

**23.** (ક) નીચેના વિધાનો **કોણ-કોને** કહે છે? (ગમે **તે ત્રણે**) 3

*(i)* ''જો તમને જિંદગીનો ડર ન હોય તો હું ઈચ્છું છું કે, મિસિસ ગાંધી અને બાળકો ગાડીમાં રુસ્તમજી શેઠને ત્યાં જાય.''

*(ii)* ''એ શરીરના દાવપેંચ જાણતો હશે તો હું મગજના જાણું છું.''

*(iii)* ''મને અહીં ન્યાય મળે એમ લાગતું નથી.''

*(iv)* ''મા તે તારી ઓળખ આપી? કહ્યું નહિં કે તું મારી મા છે?''

*(v)* ''મારા એક વિચાર પાછળ આપ સૌએ તમારી જિંદગી ના આટલાં વર્ષો રોક્યાં. એ માટે અંગત રીતે હું આપ સૌનો અંતઃકરણ થી આભાર માનું છું.''

(ખ) ગમે તે **બે** ભાવપંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો : 6

*(i)* ''હતો દુઃખિયો થયો સુખિયો,
સમજ્યો છૂટયો રણ થી.''

*(ii)* ''જગત નીમ છે જન્મ-મરણ નો,
દઢ રહેજો હિંમત થી.''

*(iii)* ''શાને કાજે, મળીને આવી ટોળી વળી દરબાર રે,
નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર રે.''

**24.** ગમે તે **બે** ના મુદ્દાસર ઉત્તર લખો : 6

*(i)* 'કસોટી' પાઠમાં ઉપસતું ગાંધીજીનું વ્યક્તિત્વ.

*(ii)* 'ઈંટા ના સાત રંગ' શીર્ષક ની સાર્થકતા.

*(iii)* દેવશંકર ની લાડુ-લોલુપતા.

**25.** ગમે તે **એક** વિશે આશરે 200 શબ્દોમાં નિબંધ લખો : 10

*(i)* મારો યાદગાર પ્રવાસ

*(ii)* તોબા આ ટી.વી. થી!

*(iii)* મોંઘવારીનું વિષચક્ર

*(iv)* જનતા-લોકશાહીનું સાચું બળ

*(v)* આપણું ગુજરાત

**26.** તમારી શાળાને વર્ગપુસ્તકાલય માટે કેટલાંક પુસ્તકોની જરૂર છે. તે માટે જાણીતા પુસ્તક-વિક્રેતા ને પત્ર લખો. 8

અથવા

તમારા વિસ્તારમાં બસ સેવા શરૂ કરવાની વિનંતી કરતો પત્ર યોગ્ય અધિકારી ને લખો.

**27.** ગમે તે **એક** નો વિચાર-વિસ્તાર કરો : 6

*(i)* ''વિદ્યા પુસ્તકમાં અને પરકબજામાં ધન,
ભીડ પડે ના કામનાં, એ વિદ્યા એ ધન.''

*(ii)* ''સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય.''

અથવા

નીચે આપેલ ગદ્યખંડનું $\frac{1}{3}$ ભાગમાં **સંક્ષેપીકરણ** કરો (સાર-લેખન) અને યોગ્ય શીર્ષક આપો :

**ગદ્યખંડ :**

કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જવાળા સળગાવીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે. સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો એ પરિપુષ્ટ છતાં કૃતાર્થ થઈ ન શકે અને સંસ્કૃતિ જ જીવનને વફાદાર ન રહે તો પોલાપણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય.

**28.** નીચે આપેલા **ગદ્યખંડને** ધ્યાનપૂર્વક વાંચી આપેલા સવાલોના જવાબ લખો : 5

**ફકરો :**

પિતા પાસે થી જોસેફ સાહસિકતા, કર્તવ્યનિષ્ઠા અને સહનશીલતા શીખ્યો હતો. માતા પાસે થી દાનશીલતા, પવિત્રહૃદયતા, પરદુઃખમોચન-ઈચ્છા અને અત્યાચારને નિવારણ કરવાની બળવાન સ્પૃહા મેળવી હતી.

તેણે પોતાની આત્મકથામાં લખ્યું છે, 'મારું જે અસીમ સાહસ જોઈ લોકો વિસ્મય પામે છે તે સાહસનું મૂળ પ્રભુ ઉપરનો દૃઢ વિશ્વાસ જ છે. મને દૃઢ વિશ્વાસ હતો કે મારી માતા સતીત્વના આદર્શરૂપ અને દેવીત્વના અવતારૂપ મારી માતા જે ક્ષણે મારી પ્રાણરક્ષા અર્થે ઈશ્વર-આરાધનામાં નિમગ્ન થશે તે ક્ષણોમાં મારા જીવનને કોઈપણ પ્રકારનો ભય છે જ નહિ.' માતૃભક્તિ અને ઈશ્વર પર વિશ્વાસનું આવું ઊજળું દૃષ્ટાંત બહુ વિરલ હોય છે.

**પ્રશ્નો :**

(1) જોસેફ પિતા પાસે થી શું શીખ્યો હતો?

(2) માતા પાસેથી જોસેફે શેની સ્પૃહા મેળવી હતી?

(3) જોસેફના સાહસના મૂળમાં શું છે?

(4) જોસેફને કઈ ક્ષણોમાં તેના જીવનને ભય નહિ હોય?

(5) ગદ્યખંડ ને યોગ્ય શીર્ષક આપો.

**29.** રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય અને નવોદય વિદ્યાલયમાં ધોરણ 6, 7 અને 8 માં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની સંખ્યા તુલનાત્મક રીતે સ્તંભ આલેખ દ્વારા દર્શાવો (સંખ્યા ટકામાં આપેલી છે) : 3

| 1. **રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય** | **વિદ્યાર્થીઓની સંખ્યા (ટકામાં)** | **વિદ્યાર્થિનીઓની સંખ્યા (ટકામાં)** |
|---|---|---|
| ધોરણ 6 | 60 | 40 |
| ધોરણ 7 | 50 | 50 |
| ધોરણ 8 | 40 | 60 |
| 2. **નવોદય વિદ્યાલય** | | |
| ધોરણ 6 | 30 | 70 |
| ધોરણ 7 | 25 | 75 |
| ધોરણ 8 | 20 | 80 |

ઉપરનો આલેખ પૂરો કરો અને કઈ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે? સંખ્યામાં ઘટાડો ક્યાં જોવા મળે છે? કઈ શાળામાં પહેલેથી વિદ્યાર્થીઓની સંખ્યા વધુ પ્રમાણ માં છે? આ બધાં તારણ, તુલના કરીને લખો.

**30.** સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો : (ગમે તે **બે**) 2

આકર્ષણ, ઇચ્છા, શક્ય, વિશિષ્ટ

(ખ) સમાનાર્થી લખો : (ગમે તે **બે**) 2

દૃષ્ટિ, લક્ષ્ય, ગહન, ઉત્કટ

(ગ) સંધિ છોડો : (ગમે તે **બે**) 2

શરણાર્થી, લક્ષ્યાંક, બ્રહ્માંડ, ગુરુત્વાકર્ષણ

(ઘ) રૂઢિપ્રયોગો ના અર્થ લખો : (ગમે તે **બે**) 2

લગની લાગવી, આત્મસાત કરવું, હોશમાં આવવું, ઢંઢેરો પીટવો

(ङ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે **બે**) 2

*(i)* ભગવાનનાં ચરણ ધોવા વાપરેલું જળ _____

*(ii)* વિષ્ણુ ભગવાન નું ધામ _____

*(iii)* સ્ત્રીની માતા નું ઘર _____

*(iv)* બળતણ માટે નું લાકડું _____

**31.** નીચે આપેલી રૂપરેખાને આધારે વાર્તાનું લેખન કરી તેને યોગ્ય શીર્ષક આપો : 5

નગરનો માર્ગ ........ માર્ગમાં પથ્થર ........ પથ્થર અનેકને નડે છે. ......... કોઈ પથ્થર ખસેડતું નથી ......... છેવટે એક માણસ પથ્થર ઉપાડે છે. ........... પથ્થર નીચેથી રાજાની ચિટ્ઠી અને સોનામહોર નીકળે છે ........ ચિટ્ઠીમાં લખ્યું છે, ''પથ્થર ખસેડવાનું ઈનામ'' ......... નગરજનો પર તેની અસર. .......... બોધ.

★ ★ ★